તા. ૩/૨/૨૦૨૦ - ખબર - સોમવાર

૫૧-૧૧

# જામનગર ચેમ્બર દ્વારા હેડમાર્ક, કોપીરાઈટ અને સાયબર ક્રાઈમ અંગે સેમિનાર યોજાયો



## તજજ્ઞો દ્વારા ઉદ્યોગકારો, વેપારીઓ અને છાત્રોને માર્ગદર્શન આપવામાં આવ્યું

ખબર-જામનગર

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા વ્યાપારીઓ તથા ઉદ્યોગકારોમાં ઇન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ(આઈપીઆર) તથા ટ્રેડ માર્ક અને કોપીરાઈટ તથા હાલના સમયમાં થઈ રહેલ સાયબર ક્રાઈમ અંગે લોકોમાં જાગૃતતા આવે તે હેતુથી તા. ૨૫-૦૧-૨૦૨૦ શનિવારના રોજ ચેમ્બર ખાતે આઈપીઆરના ફાયદા, હેતુઓ તથા તેના વ્યાપ અંગે તથા સાયબર સિક્યોરીટી અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ સેમિનારમાં વકતા તરીકે ગૌરવભાઈ પંડ્યા, એડવોકેટની ટીમ દ્વારા ઇન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ(આઈપીઆર) બાબત ટ્રેડમાર્ક, કોપીરાઈટ અને પેટન્ટ અંગે લાંબો ડીઝાઈન કરવા અંગે રિતેશભાઈ નથવાણી તથા રાજીવભાઈ વૈશ્નવ દ્વારા સાયબર સિક્યોરીટી અંગે રેન્સમવેર, મોબાઈલ સિક્યોરીટી, ક્લાઉડ કોમ્પ્યુટીંગના ટેકનીકલ પોઈન્ટ તથા લીગલ પોઈન્ટ વિશે માર્ગદર્શન આપેલ હતું.

ઉપરોક્ત સેમિનારમાં ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ ઉપસ્થિત મહેમાનો તથા સર્વે સભ્યો, વિદ્યાર્થીઓ વિગેરેનું સ્વાગત કરતા જણાવેલ કે આજના યુગમાં ડીજીટલ ક્રાંતિ થઈ રહેલ છે તેવા સંજોગોમાં સાયબર ક્રાઈમ વધી ગયેલ છે લોકોના બેન્ક ખાતાના બેન્ક ખાતા હેક થાય છે, ખાતામાંથી રૂપિયા ઉપડી જાય છે અને કોમ્પ્યુટર હેક કરવામાં આવે છે. તે સંજોગામાં લોકોમાં જાગૃતિ આવે અને આવા ગુના રોકાય તે માટે ચેમ્બર દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. સેમિનારમાં ઉપસ્થિત મહેમાનનું સંસ્થાના હોદેદારોએ બુક તથા મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવેલ તથા આઈટી પેનલના સભ્ય સન્નીભાઈ ભાડલાવાળાએ સંસ્થાનો પરિચય આપેલ હતો.ગૌરવભાઈ પંડ્યા તથા રિતેષભાઈ નથવાણીનો પરિચય ડૉ.મેધા પંડ્યાએ તથા રાજીવભાઈ વૈશ્નવનો પરિચય સંસ્થાના માનદ મંત્રી અક્ષતભાઈ વ્યાસે આપેલ. ત્યારબાદ રિતેષભાઈ નથવાણીએ લોગો શું છે તેની અગત્યતા તથા અને મહત્વતા વિશે તથા લોગો કેવી રીતે બનાવવામાં આવે છે. લોગોની ડિઝાઈન કરવાની રીત, લોગોથી કંપનીની એક અલગ ઓળખ ઉભી થાય છે. આથી કંપનીના નામ તથા તેની પ્રોડક્ટસ અનુસાર લોગો ડીઝાઈન કરવા અંગે સમજણ આપેલ હતી ત્યારબાદ ગૌરવભાઈ પંડ્યા, એડવોકેટ આઈપીઆર ટ્રેડ માર્ક, કોપી રાઈટ પેટન્ટ બ્રાન્ડ શું તથા તેનાથી થતા ફાયદા વિશે સમજણ આપેલ હતી રજીસ્ટ્રેશન બાબત છણાવટપુર્વક માર્ગદર્શન આપેલ હતું.

રાજીવભાઈ વૈશ્નવ, આઈટી એક્સ્પર્ટ મોબાઈલમાં ફીંગર, પીન લોક, ડીવાઈઝ અપડેટ, કોમ્પ્યુટરનું બેકઅપ સમયસર લેવા વિશે, કોમ્પ્યુટરમાં અમુક વેબસાઈટ બ્લોક કરવા,પોનોગ્રાફી, ટેરેરીઝમ સાઈટ વિગેરે બ્લોક કરવા, સોશ્યલ એન્જીનીયરીંગ એકેટ, ભીમ એપ/ યુપીઆઈ એપ્લીકેશનથી પૈસા ઉપડી જવા તથા કોમ્પ્યુટરમાં વાયરસ દાખલ કરી હેક કરી રેન્સમવેર બાબતો અંગે ખુબજ વિસ્તૃત રીતે માર્ગદર્શન આપી આવી સમસ્યાથી કેવી રીતે બચવું તથા મુશ્કેલીઓ દુર કરવા સમજણ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માનદ મંત્રી અક્ષતભાઈ વ્યાસે કરેલ તમજ કાર્યક્રમના અંતે સંસ્થાના માનદ મંત્રી કૃણાલભાઈ વી. શેઠે આભાર દર્શન કર્યો હતા.